(૨૦)

**પ્ર. ૧ (અ) માત્ર સંખ્યા લખો.** **(૨)**

૧. વિગલેન્દ્રિયની જીવાયોનિ – **૬ લાખ** ૨. સંયમ – **૧/૧૭**

૩. શ્રાવકના અનાચાર – **૮** ૪. અનર્થદંડ – **૪**

**(બ)** ભક્ખણ વિહિં **ઓદણ વિહિં સૂપ વિહિં વિગય વિહિં સાગ વિહિં** માહુરય વિહિં **પાઠ પૂર્તિ કરો.** **(૨)**

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૬)**

| | **જવાબ** | **પાઠ** |
|---|---|---|
| ૧. બેસીને | **દુરૂહીને** | **સંથારાના પાઠમાં** |
| ૨. એમ કરીને | **તિક્ટુ** | **સંથારાના પાઠમાં** |
| ૩. સિદ્ધ થાય છે | **સિજ્ઝંતિ** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. જે કાંઈ પણ | **જં કિંચિ** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૫. ભાંગે નહિ | **અભગ્ગો** | **સામાયિકના ચોથા પાઠમાં** |
| ૬. પાર્યું ન હોય | **ન પાલિયં** | **સામાયિકના આઠમા પાઠમાં** |

**(ડ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. ઉદય વિચ્છેદ એટલે શું? ઉદય યોગ્ય પ્રકૃતિઓ કેટલી?

**જ. જે ગુણસ્થાનથી આગળના કોઈ પણ ગુણસ્થાને જે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય, તો તે ગુણસ્થાને તે પ્રકૃતિનો ઉદય વિચ્છેદ કહેવાય છે.**

૨. પાંચમે ગુણસ્થાને નરકાયુ અને દુર્ભાગ્ય નામ શા માટે નથી? સાતમે ગુણસ્થાને કઈ નિદ્રા હોય? શા માટે?

**જ. નારકીને વધુમાં વધુ ચાર ગુણસ્થાન હોય છે માટે. દુર્ભાગ્ય અશુભ પ્રકૃતિ છે, પાંચમું ગુણસ્થાન વિશુદ્ધ છે તેથી અશુભ પ્રકૃતિનો ઉદય નથી. સાતમા ગુણસ્થાને નિદ્રા અને પ્રચલા હોય કારણ કે અપ્રમત્ત અવસ્થામાં ગાઢ નિદ્રા ન હોય.**

૩. ચૌદમે ગુણસ્થાને કેટલી પ્રકૃતિની ઉદીરણા? શા માટે?

**જ. ચૌદમે ગુણસ્થાને એક પણ પ્રકૃતિની ઉદીરણા હોતી નથી કારણ કે યોગ ન હોવાથી તથા કર્મની સ્થિતિ પાકી ગઈ હોવાથી ઉદીરણા થતી નથી.**

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે?** **(૪)**

| | **ઉદય** | **ઉદય વિચ્છેદ** |
|---|---|---|
| ૧. મનુષ્ય ગતિ | **૧૪ મા ગુણસ્થાનના ચરમ સમય સુધી** | **૧૪ મા ગુણસ્થાનના છેડે** |
| ૨. અગુરુલઘુ | **૧૩ મા ગુણસ્થાન સુધી** | **૧૩ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. નિદ્રા નિદ્રા | **૬ ટ્ઠા ગુણસ્થાન સુધી** | **૬ ટ્ઠા ગુણસ્થાનના અંતે** |
| ૪. લાભાંતરાય | **૧૨ મા ગુણસ્થાન સુધી** | **૧૨ મા ગુણસ્થાનના અંતે** |

(૫)

**પ્ર. ૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કયા સંસારમાં કોણ પરિભ્રમણ કરે છે? **(૨×૨)**

**જ. જે પુરુષ પાપકર્મથી અનિવૃત્ત છે, અજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે, એમ કથન કરે છે, તેઓ જન્મ–મરણાદિ રૂપ સંસાર આવર્તમાં જ પરિભ્રમણ કરતા રહે છે.**

૨. ઈમેણ ચેવ જુજ્ઝાહિ, કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ? જુદ્ધારિહં ખલુ દુલ્લહં । અર્થ લખો.

**જ. આ આત્મામાં રહેલા કર્મશત્રુઓની સાથે યુદ્ધ કર, બીજાની સાથે યુદ્ધ કરવામાં તને શું લાભ? ખરેખર ભાવ યુદ્ધને યોગ્ય સાધન મળવા જ દુર્લભ છે.**

૩. મારો ધર્મ શેમાં છે? (૧)

**જ. પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એમાં મારો ધર્મ છે.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જીવના દુર્ગતિમાં જવાના કારણો લખો.

**જ. ૧) હિંસાથી, ૨) અસત્ય ભાષણથી, ૩) ચોરીથી, ૪) કુશીલ સેવનથી, ૫) પરિગ્રહથી.**

૨. આગમ વ્યવહાર અને શરીરાનુગત વાયુ એટલે શું?

**જ. આગમ વ્યવહાર એટલે કેવળજ્ઞાની, મન:પર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ૧૪ પૂર્વી, ૧૦ પૂર્વી અથવા ૯ પૂર્વી વગેરે વિશિષ્ટ જ્ઞાનીના વ્યવહારને, નિર્ણયને આગમ વ્યવહાર કહે છે. શરીરાનુગત વાયુ – ઉચ્છ્વાસ, અપાન અને ઓડકાર આદિ દ્વારા શરીરમાંથી નીકળતો વાયુ.**

૩. કયા તીર્થંકરે રાજ્ય નથી ભોગવ્યું?

**જ. વાસુપૂજ્ય સ્વામી, મલ્લિનાથ સ્વામી, અરિષ્ટનેમિ સ્વામી, પાર્શ્વનાથ સ્વામી, મહાવીર સ્વામી.**

૪. શરીરમાંથી જીવ ક્યાંથી નીકળે છે? પહેલા ૩ લખો.

**જ. પગ, સાથળ, હૃદય, મસ્તક, સર્વાંગ. ૧) પગથી નિર્યાણ નીકળેલો જીવ નરકગામી થાય, ૨) સાથળથી જીવ તિર્યંચગામી થાય, ૩) હૃદયથી નીકળેલો જીવ મનુષ્યગામી થાય.**

૫. કયા તીર્થંકરના શાસનમાં પાંચ સ્થાન દુર્ગમ છે? સૂતા માનવ જાગે તેમાં કયા ઈન્દ્રિયના વિષય આવે છે?

**જ. પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પાંચ સ્થાન દુર્ગમ છે. ત્રણ ઈન્દ્રિયના વિષય આવે છે – શ્રોત્રેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ય સાર્થવાહની કથાનું રૂપક લખો. (૩ થી ૪ લીટી) (૨×૩)

**જ. ૧) ચંપા નગરીના સ્થાને મનુષ્યગતિ, ૨) ધન્ય સાર્થવાહના સ્થાને એકાંત દયાળુ તીર્થંકર ભગવાન, ૩) અહિચ્છત્રા નગરીના સ્થાને નિર્વાણ, ૪) ધન્ય સાર્થવાહની ઘોષણાના સ્થાને તીર્થંકર ભગવાનની અણમોલ દેશના, ૫) અનેક ચરક આદિના સ્થાને સુખની કામના કરનારા ઘણા પ્રાણી સમજવા.**

૨. દીક્ષા લઈને ધન્ય મુનિએ શું કર્યું?

**જ. સામાયિકથી લઈ અગિયાર અંગોનું અધ્યયન કર્યું અને ઘણા વર્ષો સુધી સંયમનું પાલન કર્યું. અંત સમયે એક માસની સંલેખના કરીને, સાઠ ભક્તના આહારનો અનસન દ્વારા ત્યાગ કરીને દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા.**

૩. ધન્ય સાર્થવાહે અટવીમાં બીજી વાર શું ઘોષણા કરાવી? (૨×૨)

**જ. નંદીફળ વૃક્ષની છાયામાં બેસવું અને તેના ફળો ખાવા તમને થોડીવાર માટે બહુ સુખદ લાગશે, પણ પછી તેનું પરિણમન થતા મૃત્યુને પ્રાપ્ત કરશો, માટે તે વૃક્ષોથી દૂર જ રહેજો. અન્ય વૃક્ષોની છાયામાં વિસામો લેજો અને તેના ફળ–ફૂલ ખાજો.**

૪. કોણ પૂજનીય નથી?

**જ. જે સાધુ–સાધ્વી પ્રવ્રજિત થઈને ૫ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થાય છે, તો તે પુરુષની જેમ (નંદીફળમાં આસક્તિ રાખનાર પુરુષો) ચતુર્ગતિરૂપ સંસારમાં પુન: પરિભ્રમણ કરે છે, દુ:ખ પ્રાપ્ત કરે છે તેમ જ આ જન્મમાં પણ પૂજનીય બનતા નથી.**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મુનિ શા માટે આહાર કરે છે?

**જ. ગુરુની આજ્ઞાથી આહાર કરે છે, આસક્તિથી નહિ, શરીરના વર્ણ, બળ કે રૂપની વૃદ્ધિ માટે નહિ, પરંતુ**

**સંસાર પાર કરવા અને મોક્ષ પ્રાપ્તિના ઉદ્દેશથી જ તે ભાવિત્મા અને મહાસત્ત્વશાળી મુનિ આહાર કરે છે.**

૨. સુંસુમાને રમાડવા લઈ જતો ચિલાત પુત્ર શું કરતો હતો?

**જ. ચિલાત દાસપુત્ર કોઈની કોડીઓ, લખોટીઓ, રમકડાઓ, ઢીંગલીઓ, માળાઓ, અલંકારો વગેરે રમતા રમતા અન્ય બાળકોની વસ્તુઓ ચોરી લેતો, કોઈને મારતો કોઈને ગાળો બોલતો, કોઈને ઠગતો હતો.**

૩. ચિલાત ચોરે બધા ચોરને બોલાવીને શું કહ્યું?

**જ. રાજગૃહી નગરમાં ધનાઢય એવા ધન્ય સાર્થવાહ રહે છે. આપણે તેમનું ઘર લૂંટવાનું છે. લૂંટમાં મળનાર વિપુલ ધન, કનક, રૂપું વગેરે તમે રાખજો અને તેમની સુંસુમા નામની પુત્રી મારી રહેશે.**

૪. દીક્ષા લઈને ધન્ય મુનિએ શું કર્યું? તેમનું ભવિષ્ય શું છે?

**જ. અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. એક માસની સંલેખણા કરી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, મનુષ્ય જન્મ ધારણ કરી, સંયમનો સ્વીકાર કરી સિદ્ધિ પ્રાપ્ત કરશે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? : ૧. ઊભો રહે, નિર્લજ્જ ઊભો રહે – **ધન્ય સાર્થવાહે ચિલાત ચોરને કહ્યું.**

૨. આપના ઘણા ઉપકાર છે – **મોટા પુત્રે ધન્ય સાર્થવાહને કહ્યું.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દ્વારિકા નગરીના વિનાશનું કારણ શું હતું? તે કોના સમાન હતી?

**જ. દ્વારિકા નગરીનો વિનાશ ૧) સુરા (મદિરા દારૂ), ૨) અગ્નિ અને ૩) દ્વિપાયન ઋષિનો કોપ આ ત્રણ કારણથી થશે. તે દેવલોક સમાન હતી.**

૨. કૃષ્ણ વાસુદેવે ધર્મદલાલી કેવી રીતે કરી? તેમની ધર્મદલાલી કેવી હતી?

**જ. બીજાને પ્રવ્રજ્યા લેવાની પ્રેરણા કરે છે અને દીક્ષિતોના પરિવાર, વ્યવહારની વ્યવસ્થા કરવાનું વચન આપે છે. પોતાના પુત્ર, પુત્રી, પૌત્રી, પટરાણીઓને સંયમની સહર્ષ અનુમતિ આપે છે. ધર્મદલાલી વિશિષ્ટ હતી.**

૩. પદ્માવતી રાણીએ પંચમુષ્ટિ લોચ કરીને ભગવાનને શું કહ્યું?

**જ. ભગવન્ ! આ સંસાર જન્મ, જરા, મરણ આદિ દુ:ખરૂપી આગમાં બળી રહ્યો છે. દુ:ખથી મુક્ત થવા હું દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું. કૃપા કરી આપ મને ચારિત્રધર્મનો સ્વીકાર કરાવો.**

૪. પોતાના ભવિષ્યનું વૃત્તાંત સાંભળીને કૃષ્ણ વાસુદેવે શું કર્યું? (૩ થી ૪ લીટીમાં)

**જ. કૃષ્ણ વાસુદેવ ખૂબ જ પ્રસન્ન અને સંતુષ્ટ થયા. પોતાની ભુજા અફળાવવા લાગ્યા. અત્યંત આનંદમાં આવી જઈ જયનાદ કરતા સમવસરણમાં સ્ફૂર્તિથી ત્રણ પગલા પાછા ગયા. પાછા જઈને જોરથી સિંહનાદ કર્યો. પછી ભગવંતને વંદન–નમસ્કાર કરીને આભિષેક્ય હસ્તિરત્ન પર બેસીને પોતાના ભવનમાં આવ્યા.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? : ૧. આ પદ્માવતી દેવી મારી પટરાણી છે – **કૃષ્ણ વાસુદેવે ભગવાનને કહ્યું.**

૨) નિર્ગ્રંથ પ્રવચન પર હું શ્રદ્ધા કરું છું – **પદ્માવતી રાણીએ ભગવાનને કહ્યું.**

**અથવા**

**પ્ર. ૫ નિરયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સોમિલ બ્રાહ્મણને મધ્યરાત્રિએ શું વિચાર આવ્યો?

**જ. ગૃહસ્થ સંબંધી મેં સર્વ કાર્ય કરી લીધા છે, હવે મારા માટે યોગ્ય છે કે વારાણસી નગરીની બહાર આંબાના વૃક્ષોનો બગીચો બનાવું તથા બિજોરા, આમલી, ફૂલો વગેરેની વાડી બનાવું.**

૨. દેવે સોમિલની પ્રવ્રજ્યાને દુષ્પ્રવ્રજ્યા કેમ કીધી?

**જ. પહેલા સોમિલે પાર્શ્વનાથ પ્રભુ પાસે શ્રાવકવ્રત અંગીકાર કર્યા હતા, પરંતુ પાછળથી સત્સંગ ન મળતા અને મિથ્યાત્વ પર્યાયો વધતા તેમણે તાપસ પર્યાયનો સ્વીકાર કર્યો હતો.**

૩. સોમિલે પોતાના આત્માને શેનાથી ભાવિત કર્યો? કાળના અવસરે શું કર્યું?

**જ. સોમિલે ઘણા છટ્ઠ, અટ્ઠમ યાવત્ અર્ધમાસક્ષમણ, માસક્ષમણ આદિ તપથી પોતાના આત્માને ભાવિત કર્યો. કાળના અવસરે અનસન દ્વારા ત્રીસ ભક્ત ભોજનનો ત્યાગ કર્યો.**

૪. સોમિલ વર્તમાને ક્યાં છે? તેમનું ભવિષ્ય શું છે?

**જ. શુક્રાવતંસક વિમાનમાં શુક્ર મહાગ્રહ દેવ છે. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતા તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યરૂપે જન્મ ધારણ કરી, સંયમ અંગીકાર કરી સર્વ કર્મોનો નાશ કરી સિદ્ધ થશે.**

૫. સોમિલે તાપસી દિશામાં શું અભિગ્રહ ધારણ કર્યો?

**જ. જ્યાં સુધી જીવું ત્યાં સુધી નિરંતર છટ્ઠ છટ્ઠ કરતો ચક્રવાત તપસ્યા કરીને, સૂર્યની સામે બે હાથ ઊંચા રાખીને આતાપના ભૂમિમાં આતાપના લઈશ.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. દુલ્લહે ...... **પાના નં. ૩૫ ગાથા ૪** ૨. અરઈ ...... **પાના નં. ૪૧ ગાથા ૨૭**

૩. ધમ્મં પિ ...... **પાના નં. ૩૯ ગાથા ૨૦**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

| | જવાબ |
|---|---|
| ૧. શેનો ત્યાગ કરી અણગાર ધર્મ સ્વીકાર્યો છે? | **ધન અને સ્ત્રી વગેરેનો ત્યાગ કરી** |
| ૨. દેવમાં ઉત્પન્ન થયેલો જીવ ત્યાં કેટલો કાળ રહે છે? | **સંખ્યાત કે અસંખ્યાત વર્ષવાળો એક ભવ** |
| ૩. ઈન્દ્રિયોની પરિપૂર્ણતા કેમ દુર્લભ છે? | **ઘણા જીવો વિકલાંગ જોવામાં આવે છે** |
| ૪. વર્તમાને કયો માર્ગ ઉપલબ્ધ છે? | **ન્યાયપૂર્ણ નિર્વિકલ્પ મોક્ષ પ્રાપ્ત કરાવનાર માર્ગ છે** |
| ૫. સિદ્ધલોક કેવો છે? | **ઉપદ્રવરહિત, કલ્યાણકારી છે** |
| ૬. શરીર અને કેશ કેવા થઈ રહ્યા છે? | **શરીર જીર્ણ–નિર્બળ અને કેશ સફેદ થઈ રહ્યા છે** |

(૧૦)

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યાખ્યા લખો. વૃદ્ધિ, વડ્ઢમાણ, કૃત સંચય, સોવચય–સાવચય. (૪)

**જ. વૃદ્ધિ – જન્મ–મરણ બંને હોય કે એક હોય પણ જીવોની વૃદ્ધિ થવી.**
**વડ્ઢમાણ – જો જીવોની સંખ્યા વધે તે વર્ધમાન.**
**કૃત સંચય – નારકી આદિ ૨૪ દંડકમાં જ્યાં એક સમયમાં એકસાથે બે જીવોથી સંખ્યાતા જીવો ઉત્પન્ન થાય.**
**સોવચય–સાવચય – જન્મ અને મરણ દ્વારા એકસાથે હાનિ–વૃદ્ધિ થાય.**

૨. હીરામાં સાવચય આદિ કેટલા ભાંગા? સ્થિતિ લખો. કઈ રીતે? તેનો કૃતસંચયનો અલ્પબહુત્વ લખો. (૩)

**જ. હીરામાં ચાર ભાંગા – સોવચય, સાવચય, સોવચય–સાવચય, નિરુવચય–નિરવચયા. ચારેની સ્થિતિ જ. એક સમય ઉ. આવલિકાનો અસંખ્યાતમો ભાગ. પરકાય અપેક્ષા સ્વકાયનો વિરહ પડતો નથી.**
**એક અકૃતસંચય હોવાથી અલ્પબહુત્વ થતો નથી.**

૩. સિદ્ધમાં હિયમાન અને કૃત સંચય આદિ કેટલા ભાંગા? કયા કયા? તેની સ્થિતિ લખો. (૩)

**જ. સિદ્ધમાં બે ભાંગા વર્ધમાન જ. ૧ સમય ઉ. ૮ સમય, અવસ્થિત જ. ૧ સમય ઉ. ૬ મહિના.**
**સિદ્ધમાં બે ભાંગા કૃત સંચય અને અવક્તવ્ય સંચય. તેની સ્થિતિ બતાવી નથી.**

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પ્રદેશાર્થક દ્વાર લખો.

**જ. સર્વથી થોડા આહારકના પ્રદેશ, તેથી વૈક્રિયના પ્રદેશ અસંખ્યાતગુણા, તેથી ઔદારિકના પ્રદેશ અસંખ્યાત ગુણા, તેથી તેજસ્‌ના પ્રદેશ અનંતગુણા, તેથી કાર્મણના પ્રદેશ અનંતગુણા.**

૨. તેજસ્ શરીર અને આહારક શરીરની સ્થિતિ લખો.

**જ. તેજસ્ શરીરની સ્થિતિ બે પ્રકારે છે ૧) અભવી આશ્રી અનાદિ અનંત તે આદિ નથી અને અંત પણ નથી**

**૨) ભવી આશ્રી અનાદિ સાંત તે આદિ નથી પણ અંત છે અને આહારક શરીરની સ્થિતિ જ. અંત. ઉ. અંત.**

૩. શરીર કેટલા છે? પહેલા ૫ દ્વારના નામ લખો.

**જ. શરીર પાંચ છે. ૧) નામ દ્વાર, ૨) અર્થ દ્વાર, ૩) સંસ્થાન દ્વાર, ૪) સ્વામી દ્વાર, ૫) અવગાહના દ્વાર.**

૪. ઔદારિક શરીર અને કાર્મણ શરીરની અવગાહના લખો.

**જ. ઔદારિક શરીરની અવગાહના – જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. ૧૦૦૦ યોજન ઝાઝેરી.**
**કાર્મણ શરીરની અવગાહના – જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. સર્વ લોક પ્રમાણે.**

૫. જેને નિયમા સમચતુરંસ્ર સંસ્થાન હોય તેના શરીરનો વિષય, અંતર, સંયોજન અને સ્વામી દ્વાર લખો.

**જ. દેવને હોય. દેવને વૈક્રિય શરીર હોય. વિષય દ્વાર – અસંખ્ય દ્વીપ–સમુદ્ર સુધી જવાનો. અંતર દ્વાર – જ. અંત. ઉ. અનંતકાળ, સંયોજન – ઔદારિક શરીરની ભજના, આહારક ન હોય, તેજસ્–કાર્મણ નિયમા હોય. સ્વામી દ્વાર – નારકી, દેવ, વાયુકાય, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય ૧૭ દંડકના જીવ છે.**

**(૧૦)**

**પ્ર. ૯ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

૧. અધોલોક મિશ્ર દષ્ટિમાં    ૨. ઊર્ધ્વલોક તેજોલેશ્યામાં    ૩. મિશ્ર દષ્ટિ ગર્ભજમાં
૪. વચનયોગી તિર્યંચમાં    ૫. ઊર્ધ્વલોક પંચેન્દ્રિય તેજોલેશ્યામાં

**જય જિનેન્દ્ર**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. અધોલોક મિશ્ર દષ્ટિમાં | ૭ | ૫ | ૧ | ૧૦ | ૭ નરક, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., ૧ સંજ્ઞી મનુષ્ય, ૧૦ ભવનપતિ એ ૨૩ ના પર્યાપ્તા | ૨૩ |
| ૨. ઊર્ધ્વલોક તેજોલેશ્યામાં | ૦ | ૧૩ | ૦ | ૬ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યા. અને પર્યા., બાદર પૃથ્વી, પાણી, પ્રત્યેક વનસ્પતિ એ ત્રણના અપર્યા., ૧–૨ દેવલોક, ૧ લા કિલ્વિષીકના અપર્યાપ્તા અને પર્યાપ્તા | ૧૯ |
| ૩. મિશ્ર દષ્ટિ ગર્ભજમાં | ૦ | ૫ | ૧૫ | ૦ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., ૧૫ કર્મભૂમિ એ ૨૦ ના પર્યાપ્તા | ૨૦ |
| ૪. વચનયોગી તિર્યંચમાં | ૦ | ૧૩ | ૦ | ૦ | બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૧૩ ના પર્યાપ્તા | ૧૩ |
| ૫. ઊર્ધ્વલોક પંચેન્દ્રિય તેજોલેશ્યામાં | ૦ | ૧૦ | ૦ | ૬ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યા. અને પર્યા., ૧–૨ દેવલોક, ૧ લા કિલ્વિષીકના અપર્યાપ્તા અને પર્યાપ્તા | ૧૬ |

**જય જિનેન્દ્ર**